# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) સંસદનું અંદાજપત્ર સત્ર આજથી શરૂ થશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વાર્ષિક NCC PM રેલીને સંબોધિત કરશે

3) એશિયાનો સૌથી મોટો નાગરિક ઉડ્ડયન કાર્યક્રમ વિંગ્સ ઇન્ડિયા 2026 આજથી હૈદરાબાદ ખાતે શરૂ થશે

4) સરકારે આંદામાન નિકોબારમાં માછીમારી બંદર વિકસાવવા 200 કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી

5) અંડર-૧૯ ક્રિકેટ વિશ્વ કપમાં, ભારતે સુપર સિક્સ તબક્કામાં ઝિમ્બાબ્વેને 204 રનથી હરાવ્યું

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT

સંસદનું અંદાજપત્ર સત્ર આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન સાથે શરૂ થશે. આર્થિક સર્વેક્ષણ આવતીકાલે રજૂ કરવામાં આવશે અને બજેટ રવિવાર પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે.

બજેટ સત્રનો પહેલો તબક્કો આજથી આવતા મહિનાની 13મી તારીખ સુધી ચાલશે. બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્ર દરમિયાન 30 બેઠકો થશે.

# ALL PARTY MEETING

સંસદના બજેટ સત્ર પહેલા, સરકારે ગઈકાલે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ બેઠકની અધ્યક્ષતા કરી હતી.

રાજ્યસભામાં ગૃહના નેતા જે પી નડ્ડા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ મુરુગન આ બેઠકમાં હાજર રહ્યા હતા.

કોંગ્રેસના નેતા જયરામ રમેશ, દ્રવિડ મુનેત્ર કઝગમના નેતા તિરુચી શિવ, તૃણમૂલ કોંગ્રેસના નેતા સાગરિકા ઘોષ, સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવ સહિત અન્ય નેતાઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, બજેટ સત્રના પહેલા ભાગમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર

પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે, ત્યારબાદ સંસદના બંને ગૃહોમાં બજેટ પર ચર્ચા થશે. શ્રી રિજિજુએ તમામ રાજકીય પક્ષોને સત્રના સુચારુ સંચાલન માટે સહયોગ આપવા અપીલ કરી હતી.

**BYTE: KIREN-RIJIJU**

# PM NCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક NCC PM રેલીને સંબોધિત કરશે. આ વર્ષની રેલીની વિષયવસ્તુ રાષ્ટ્ર પ્રથમ - કર્તવ્ય નિષ્ઠ યુવા છે.

એક નિવેદનમાં પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે, આ રેલી ભારતના યુવાનોમાં ફરજ, શિસ્ત અને રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

NCC PM રેલી એક મહિના સુધી ચાલનારા NCC પ્રજાસત્તાક દિવસ શિબિર 2026ના ભવ્ય સમાપન તરીકે ઉજવાશે. તેમાં દેશભરના બે હજાર 406 NCC કેડેટ્સભાગ લેશે, જેમાં 898 યુવતીઓનો પણ સમાવેશ થાય છે.

આ રેલીમાં 21 વિદેશી દેશોના 207 યુવાનો અને અધિકારીઓ પણ ભાગ લેશે. આ પ્રસંગે, NCC કેડેટ્સ, રાષ્ટ્રીય રંગશાળા અને રાષ્ટ્રીય સેવા યોજનાના સભ્યો દ્વારા રાષ્ટ્ર નિર્માણ, સમાજ સેવા અને ચારિત્ર્ય વિકાસમાં તેમની ભૂમિકા દર્શાવતો જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

# PREZ IND EU FTA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઐતિહાસિક ભારત-EU મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોના સફળ નિષ્કર્ષ પર ખુશી વ્યક્ત કરી કહ્યું કે તે બંને દેશોના લોકોના જીવનમાં નોંધપાત્ર સકારાત્મક પરિવર્તન લાવશે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આ કરાર સ્થિર, સંતુલિત અને નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપવાની બંને પક્ષોની સામૂહિક આકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. તેમણે જણાવ્યું કે ભારત અને યુરોપ માત્ર સમકાલીન હિતો દ્વારા જ નહીં પરંતુ લોકશાહી, અને ખુલ્લા બજાર અર્થતંત્ર જેવા સહિયારા મૂલ્યો દ્વારા પણ જોડાયેલા છે.

તેમણે ગઈકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનના સન્માનમાં આયોજિત ભોજન સમારંભમાં આ નિવેદન આપ્યું હતું.

# WINGS INDIA 2026

એશિયાનો સૌથી મોટો નાગરિક ઉડ્ડયન કાર્યક્રમ વિંગ્સ ઇન્ડિયા 2026 આજથી હૈદરાબાદના બેગમપેટ એરપોર્ટ પર શરૂ થશે.

ચાર દિવસીય આ કાર્યક્રમમાં ભારતીય ઉડ્ડયનના ઉદય અને વૈશ્વિક ઉડ્ડયનના ભવિષ્યને દર્શાવવામાં આવશે. આ કાર્યક્રમમાં એક વિસ્તૃત અને વિશ્વ કક્ષાનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન, સ્ટેટિક એરક્રાફ્ટ ડિસ્પ્લે અને એરોબેટિક ફ્લાઇંગ શો,

ઉચ્ચ-સ્તરીય વૈશ્વિક ઉડ્ડયન પરિષદ, સીઈઓ રાઉન્ડ ટેબલ, બી2બી અને બી2જી બેઠક, એવિએશન જોબ ફેર અને વિદ્યાર્થી નવીનતા સ્પર્ધાનો સમાવેશ થશે.

રશિયા, સિંગાપોર, માલદીવ્સ, મંગોલિયા, ઓમાન, કતાર, યુરોપિયન યુનિયન સહિત 20 દેશોના મંત્રી-સ્તરીય અને સત્તાવાર વિદેશી પ્રતિનિધિમંડળો વિંગ્સ ઇન્ડિયા 2026માં હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PRAGATI SPECIAL STORY

પ્રધાનમંત્રીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટેના મુખ્ય પ્લેટફોર્મ, પ્રગતિએ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સ અને જાહેર ફરિયાદોનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ અને નિરાકરણ સીધી પ્રધાનમંત્રી સમીક્ષા દ્વારા સક્ષમ કરીને શાસનમાં પરિવર્તન લાવ્યું છે.

આજે, આ ખાસ શ્રેણીમાં, ઉત્તર પ્રદેશમાં સ્થિત રાષ્ટ્રીય ધોરીમાર્ગ-2 ના ચકેરીથી અલ્હાબાદ સેક્શનના 6- લેનિંગ અંગે એક અહેવાલ સાંભળીએ..

VC: AMAN_YADAV

# CISF CYCLOTHON

સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ-કેન્દ્રીય ઔધોગિક સલામતી દળ (CISF) તેની બીજી કોસ્ટલ સાયક્લોથોનનું આયોજન કરશે, જેનું નામ વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન 2026 છે.

આ સાયકલ રેલી આજથી આવતા મહિનાની 22 ફેબ્રુઆરી સુધી ચાલશે. સાયક્લોથોનની વિષયવસ્તુ સુરક્ષિત કિનારો, સમૃદ્ધ ભારત છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી સાયક્લોથોનને લીલી ઝંડી આપશે.

સાયક્લોથોન રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કરવામાં આવી રહ્યું છે. CISFની બે સાયકલ સવાર ટીમો એક સાથે પૂર્વમાં પશ્ચિમ બંગાળના બકખાલી અને પશ્ચિમમાં ગુજરાતના લખપત કિલ્લાથી તેમની યાત્રા શરૂ કરશે. આ યાત્રા લગભગ છ હજાર 500 કિલોમીટરનું અંતર કાપશે અને કેરળના કોચીમાં સમાપ્ત થશે.

# FISHERIES- ANDAMAN AND NICOBAR

સરકારે આંદામાન અને નિકોબાર ટાપુઓના માયાબંદર ખાતે સ્માર્ટ અને સંકલિત માછીમારી બંદર વિકસાવવા માટે 200 કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

આ પ્રોજેક્ટને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ કેન્દ્ર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ બંદર 430 માછીમારી જહાજો માટે સલામત સુવિધાઓ પૂરી પાડશે અને વાર્ષિક લગભગ 10 હજાર ટન માછલીઓનું સંચાલન કરશે. તે ટકાઉ માછીમારી, સારી માછલી સંભાળ, સુધારેલી સલામતી અને ડિજિટલ ટ્રેકિંગને પ્રોત્સાહન આપશે, સાથે સાથે રોજગારીનું સર્જન કરશે અને માછીમારોની આવકમાં વધારો કરશે.

સરકારે કહ્યું કે આ પ્રોજેક્ટ ટાપુઓની માછીમારી ક્ષમતાને વધારશે તેમજ વર્ષ 2030-31 સુધીમાં સીફૂડ નિકાસમાં એક લાખ કરોડ રૂપિયાના ભારતના લક્ષ્યને ટેકો આપશે.

# SUPREME COURT ASID ATTACK

સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એસિડ હુમલાના કેસોની સંખ્યા અને અદાલતમાં તેમની સ્થિતિ સહિત વિવિધ માહિતી પૂરી પાડવા જણાવ્યું છે. અદાલતે પીડિતોને સહાય કરવા માટે પુનર્વસન પગલાં અંગે માહિતી પૂરી પાડવાનો પણ નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ આર. મહાદેવન અને જોયમલ્યા બાગચીની બનેલી પીઠે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નીચલી અદાલતોમાં આરોપનામું દાખલ કરાયેલા કેસોની સંખ્યાની માહિતી પૂરી પાડવા કહ્યું. પીઠે આ માહિતી રજૂ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે.

એસિડ હુમલાના કેસોમાં દોષિત ઠરેલા લોકો માટે અસાધારણ શિક્ષાત્મક પગલાંને સમર્થન આપતા, અદાલતે કેન્દ્ર સરકારને દહેજ મૃત્યુની જેમ આવા કેસોને વધુ કડક રીતે ઉકેલવા માટે કાયદામાં સુધારો કરવા વિચારણા કરવા કહ્યું છે.

અદાલત હરિયાણાની એસિડ હુમલાની પીડિતા શાહીન મલિક દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી કરી રહી હતી.

## UNDER-19 CRICKET WORLD CUP

પુરુષોના અંડર-૧૯ ક્રિકેટ વિશ્વ કપમાં, ભારતે ગઈકાલે બુલાવાયોમાં સુપર સિક્સ તબક્કામાં યજમાન ઝિમ્બાબ્વેને 204 રનથી હરાવીને ગ્રુપ-2 પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું.

વિહાન મલ્હોત્રાના અણનમ 109 રનથી ભારતે 50 ઓવરમાં 352 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. વિહાનની સદી ટુર્નામેન્ટમાં ભારતની પહેલી સદી હતી. 14 વર્ષીય પ્રતિભાશાળી ખેલાડી વૈભવ સૂર્યવંશીએ 30 બોલમાં 52 રન બનાવીને ટીમનો વિજય સુનિશ્ચિત કર્યો, જ્યારે વિકેટ-કીપર બેટ્સમેન અભિજ્ઞાન કુંડુના 61 અને ખિલાન પટેલના 30 રનનું મહત્વનું યોગદાન હતું. ભારતે ઝિમ્બાબ્વેને 37 ઓવર અને ચાર બોલમાં માત્ર 148 રનમાં ઓલઆઉટ કરી દીધું.

# CRICKET T-20

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે વિશાખાપટ્ટનમમાં ચોથી T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે. ભારતે પાંચ મેચની શ્રેણીમાં 3-0થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

ઉલ્લેખનીય છે કે, ગુવાહાટીમાં રમાયેલી ત્રીજી ટી-20 મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને આઠ વિકેટે હરાવ્યું હતું.

---------------------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મુખ્યત્વે ભારત-EU વચ્ચે મુક્ત વેપારના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, EU સાથે ટ્રેડ ડિલ: 99% ભારતીય ગુડ્સ ટેક્સ ફ્રી, 2032 સુધીમાં વેપાર બે ગણો, 22 લાખ કરોડ થશે.
- સંદેશ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, ભારત-EU વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર
- ફૂલછાબ લખે છે કે, ટેરિફને ટક્કર : ભારત-યુરોપિયન યુનિયન વચ્ચે ટ્રેડ ડિલ
- અને ગુજરાત સમાચાર લખે છે કે, શંકરાચાર્ય હોવાના પુરાવા માગવાનો સરકારને અધિકાર નથી: ઉમા ભારતી